ક્રમાંક: ઘ/માધ્ય/પ્ર.મ./પરચ/૨૦૨૩/૧૮૫૭-૬૦
કમિશ્નર શાળાઓની કચેરી,
 છ ૧.ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા., ગાંધીનગર.
તા.૧૮/૧૦/૨૦૨૩.

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ.

વિષય:રાજ્ય બહાર શૈક્ષણિક પ્રવાસની મંજૂરી માટે ધ્યાનમાં લેવાની બાબત.

ઉપરોક્ત વિષય અનુસંધાને જણાવવાનું કે રાજ્યની ધો-૯ થી ૧૨ ના સરકારી, બિનસરકારી માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શૈક્ષણિક પ્રવાસ અર્થે રાજ્ય બહાર જવા માટે અત્રેથી મંજૂર મેળવવાની રહે છે. આ અંગે અત્રે ફાઇલ રજુ કરવા અંગેની સૂચનાઓ અગાઉ ક્રમાંક:૩૦૩૫૫-૫૮,તા.૨૨/૧૦/૨૦૧૯ થી પરિપત્રિત કરેલ હતી તેમ છતાં ઘણા સમયથી પ્રવાસમાં જવાની તારીખની સમય મર્યાદા બહારની ફાઇલો મળે છે. જેથી પ્રવાસની મંજૂરી અંગે કાર્યવાહી સમયમર્યાદામાં થઇ શકતી નથી. જેને ધ્યાને લેતા નીચે પ્રમાણે વિગતે ફાઇલ અત્રે રજૂ કરવામાં આવે તે જરૂરી છે.

1. અત્રેની કચેરીને <u>ફાઇલ પ્રવાસ શરૂ થવાના તારીખના ઓછામાં ઓછા દિન-૧૦(દસ)</u> પહેલા મળે તે અચૂક જોવાની જવાબદારી આપશ્રીની કચેરીની રહેશે.
2. ફાઇલમાં ચેકલીસ્ટ મુજબ તમામ વિગતો અનુક્રમે અને પાના નંબર સહિત ગોઠવવી અને તેની ચકાસણી કર્યા બાદ જ મોકલવી.
3. જિલ્લા શિક્ષણાધિકારીની સહી વાળુ ચેકલીસ્ટ રજૂ કરવાનું રહેશે.
4. પ્રવાસની ફાઇલમાં ચેકલીસ્ટ મુજબ તમામ વિગતો જે અત્રે રજૂ કરવાની થાય તે બધા પ્રમાણપત્રોમાં જાવક નંબર તથા તારીખ /આધારો પર આચાર્ય/સંસ્થાના સહી સિક્કા દર્શાવેલ હોવા જરૂરી છે.
5. ચેકલીસ્ટમાં માંગેલ વિગતો આધાર પુરાવા સાથે ફાઇલ રજુ કરવાની રહેશે અન્યથા અધુરી વિગતો સાથે રજૂ કરેલ ફાઇલ પર મંજૂરી આપવાની રહેશે નહિં, જેની ગંભીરતા ધ્યાને લેવી.
6. શિક્ષણ વિભાગના તા.૫/૦૨/૨૦૧૯ ના પરિપત્રમાં જણાવ્યા અનુસારની વિગતો અનુસરવાની રહેશે.

ઉક્ત સૂચનાઓ મુજબની દરખાસ્તો જ મંજૂરી અર્થે ધ્યાને લેવામાં આવશે. વધુમાં આ અંગે તાબાની શાળાઓને પણ આપની કક્ષાએથી જરૂરી સૂચનાઓ તાત્કાલિક આપવાની રહેશે.મંજૂરી વિના કોઇપણ શાળા પ્રવાસ ન યોજે તે પણ સુનિશ્ચિત કરવા જણાવવામાં આવે છે.

નાયબ શિક્ષણ નિયામકવતી
માધ્યમિક
ગુ.રા., ગાંધીનગર